સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

તેં મને વિઝા દીધા ન હતા, ઇ તને સાંભરે રે..
તું ચીન-રશિયા પંપાળે મને કેમ વિસરે...
તેં ગોધરા-કાંડને વખોડ્યો, ઇ તને સાંભરે રે..
કર્યાં તેં જાપાનથી પણ કરાર મને કેમ વિસરે..
(અંગત વાતો થઇ એના પર પરદો રહેવા દો..)
(કૃષ્ણ-સુદામા મિલન)

હાઈકુ

એક બરાક
ને બીજા ચબરાક -
શિયાળ - બગ..
(પંચતંત્ર ભોજન નિમંત્રણ)

બંન્ને સંતાડે
તાંદુલ ની પોટલી -
આશા-અપેક્ષા..
(અસમાન-મૈત્રી)

ચિંતન

સુલભં વસ્તુ સર્વસ્ય ન યાત્યાદરણીયતામ્ । સ્વદાર પરિહારેણ પરદારાર્થિનો જનાઃ ॥

સુલભ વસ્તુ મોટે ભાગે સૌને આદરપાત્ર નથી હોતી. જેમ પુરુષોને પોતાની પત્ની છોડીને પર સ્ત્રીની વાંછના કરતા હોય છે.

જે વસ્તુ સરળતાથી મળી શકે છે એને માટે મોટે ભાગે માણસને એટલો આદર કે ઉત્કૃષ્ટ ઝંખનાની કદર નથી હોતી. યાત્રાધામમાં રહેનારને ગામમાં જ મોટું પ્રખ્યાત મંદિર હોય છતાં દરરોજ દર્શન કરવાની ઇચ્છા થતી નથી અને ક્યારેક દર્શન કરવા જાય છતાં બહાર હજારો કિ.મી.થી હેરાન થતાં આવેલા યાત્રિકને જે દર્શન કરવાનો સંતોષ-તૃપ્તિ મળે તે સ્થાનિકને તો કદીય મળતી નથી. ગંગા કાંઠે રહેનાર દરરોજ ગંગાસ્નાન કરી પવિત્રતાનો અનુભવ લેતો નથી.

વસ્તુ જ્યારે પરિશ્રમથી પ્રાપ્ત થાય ત્યારે જ તેની કિંમત સમજાય છે. 'મફતં' માં મળેલીનું મૂલ્ય સમજાતું નથી.

અહીં પુરુષ-સ્વભાવનો દાખલો આપી પુરુષની 'ભ્રમરવૃત્તિ' નું વ્યવહારિક દૃષ્ટાંત આપી આ વાતને પુષ્ટિ આપવામાં આવી છે.

સુવિચાર

- રંગભૂમિના કલાકારની સ્ટેજ પરની એન્ટ્રી અને પરફોર્મન્સ જેટલું મહત્ત્વનું છે એટલી જ એની એક્ઝીટ પણ મહત્ત્વની છે.. એવી જ રીતે ધરતી નામના સ્ટેજ પર આપણી ભૂમિકા આપણે ઉત્તમ રીતે ભજવીશું જ પણ સાથે સાથે અસરકારક ચિરંજીવી એક્ઝીટનો પણ વિચાર કરવો રહ્યો - શાહબુદ્દીન રાઠોડ
- અમુક પુરૂષો વિઘ્નના ડરથી કાર્યનો આરંભ કરતાં નથી.. અમુક પુરુષો વિઘ્ન આવે અટકી જાય છે.. પરંતુ ઉત્તમ પુરુષો વિઘ્નોનો વારંવાર મુકાબલો કરે છતાં શરૂ કરેલું કાર્ય પૂર્ણ કરીને જ જપ લે છે - સુભાષિત
- જે અપેક્ષા રહિત વૃત્તિથી કામ કરે છે તે પાણીથી અલિપ્ત રહેનારા કમળની જેમ પાપથી અલિપ્ત રહે છે - સંત ફ્રાન્સીસ
- કારણ વગરની ચિંતા મનુષ્યની ભૂખ, ઊંઘ, બળ, સૌંદર્ય, ઉત્સાહ, બુદ્ધિ, સમૃદ્ધિ અને સ્વયં જીવનને પણ છીનવી લે છે - માનસસૂત્ર
- ગૌરવ આપવામાં રહેલું છે.. લેવામાં નહીં.. આપનારા વાદળોનું સ્થાન ઊંચે આકાશમાં છે અને લેનારા સમુદ્રનું સ્થાન નીચે રહે છે - એસ. ભટ્ટાચાર્ય
- માત્ર એક પૈડાથી રથની ગતિ શક્ય નથી.. એવી જ રીતે પુરુષાર્થ વગર નસીબ સાથ આપતું નથી - જ્ઞાનસૂત્ર
- સતત પ્રયત્ન કરવાથી ઓછી બુદ્ધિનો વ્યક્તિ પણ પંડિત બની શકે છે, ઝરણાના સતત પ્રવાહથી પથ્થરના પહાડમાંથી રસ્તો બની જાય છે - અમૃતબિંદુ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજના જમાનામાં માણસો સ્પષ્ટ, જેવું હોય તેવું હકીકત જણાવી દેતા નથી. ગોળ ગોળ જવાબ આપે, પછી કહું, વિચારીને જવાબ આપું, અને પત્ની/પતિ પણ એકમેકમાં 'ખૂલ્લા' નથી થતાં તેથી કેટલી બધી-મોટી-સમસ્યાઓ સર્જાય છે. જે જેવું હોય તે કહી દો ને!!

મુલ્લા નસરૂદ્દીન પાસે એક દૂરનો મિત્ર પૈસા ઉધાર લેવા આવ્યો.

મુલ્લાં એ કહ્યું - મારી પાસે પૈસા તો છે પણ તને આપવાની મારી ઇચ્છા નથી. મારો આભાર માની, તું બીજે જા.

પેલો ગુસ્સો થયો અને કહ્યું, 'મુલ્લા, એક તો તમે પૈસા આપવાની ચોખ્ખી ના પાડી, અને મારું અપમાન કર્યું, છતાં તમે મારી પાસેથી 'આભાર'ની અપેક્ષા કેવી રીતે રાખી શકો?'

મુલ્લાં કહે - જો ભાઇ, જો તને જોઉં, પછી આવજે કાલે આવજે કહી, ત્રણેક ધક્કા ખવડાવ્યા હોત અને પછી 'ના' પાડી હોત તો! તું ધક્કા ખાઇ હેરાન થાત અને બીજે ક્યાંકથી વ્યવસ્થા કરવાનું પણ વિલંબમાં પડત ને! ઉલ્ટું તારી મુશ્કેલીમાં વધારો થાય, આમાંથી મેં, તને સ્પષ્ટ 'ના' કહી બચાવ્યો તેનો આભાર નહીં માનવા નો?!

પેલ્લો ગુસ્સે થઇ. 'આભાર' કહી, પગ પછાડતો ચાલ્યો ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

વાહ... વાહ... જોરદાર...!! શ્રોતાઓની દાદ એટલે સર્જકનો ઉપહાર...!!

એકવીસમી સદીની આ મોડર્ન પેઢી દેખાય ખૂબ જ cute contact list ખૂબ વધ્યાં અને સંવાદ થયા તદ્દન mute...

Facebook
Out dated થઇ જિંદગી
સ્વપ્ના પણ **down load** થતાં નથી
સંવેદનાઓને લાગ્યો **virus**
દુઃખ **send** કરાતું નથી...
જૂના ચોમાસાં બાષ્પીભવન થયાં
delet થયેલી **file** જેવા
સંયુક્ત કુટુંબો હવે શાંત થયાં
range વગરના **mobile** જેવા...
hang થયેલા **pc** જેવી
છે શહેરની જિંદગી **Tight**
લાગણીના સંબંધ જોડનાર હવે
દેખાતી નથી ક્યાંય **website...**
એકવીસમી સદીની આ મોડર્ન
પેઢી દેખાય ખૂબ જ **cute**
contact list ખૂબ વધ્યાં
અને સંવાદ થયા તદ્દન **mute...**
computer ની **chip** જેવા
માણસોના મન થયા 'ચીપ'
અને **mother** નામનું **board**
સૌની જિંદગીમાંથી થયું **hide**
cdની **diskdrive**માં
હવે સંસ્કાર થાય છે **fire**
અને **Internate**ની **site**માં
સભ્યતા ક્યાંય થઇ ગાયબ...
વિજ્ઞાનની આ શોધખોળમાં
ક્યાંક થઇ છે ભયંકર ભૂલ
લોહીના સંબંધો શોધવામાં
જોઇએ છે હવે **facebook** !

- સંજય થોરાત

ફેસબુક... આજના જીવનનો સૌ માટે મહત્ત્વનો વિષય... ફેસબુકે ભલભલાને જોડી દીધા છે, અને પોતાની જાતને, વિચારને પબ્લીક સામે મુકવા પ્લેટફોર્મ આપ્યું છે... ફેસબુક કેટલાંય માટે વિવિધ રીતે ઉપયોગી બન્યું છે... અને, મારા માટે, યસ આ ફેસબુકની કવિતા એ મારા માટે ટર્નિંગ પોઇન્ટ સાબિત થઇ છે....

ગુજરાતનું ખમીર અને ઝમીર પ્રતિબિંબિત કરતા, 'ગુજરાતી દિપોત્સવી'નું શરદ પૂનમને દિવસે આનંદીબેન, જી.સી. મુર્મુ, ભાગ્યેશ જહા, અરવિંદ પટેલ અને પુલક ત્રિવેદીના હસ્તે વિમોચન થયાના સમાચાર તસવીર સાથે 'ગાંધીનગર સમાચાર'ના પાછલા પાને દસમી ઑકટોબરે છપાયા... એ જ પાના પર 'ગુજરાત દિપોત્સવી' અંકના નગરમાં ૩૭ સર્જકોની રસપ્રદ કૃતિઓને સ્થાનના સમાચાર દિપોત્સવીની મુખપૃષ્ઠ તસવીર સાથે છપાયા...

ધડકતા હૃદયે મેં સમાચાર વાંચતા શરૂ કરેલાં... જો એ સમયે મારું બીપી માપ્યું હોત તો અવશ્ય જોખમી રેન્જમાં આવત... સમગ્ર સમાચારની છેલ્લી લાઇનમાં છેલ્લા સર્જકનું નામ 'સંજય થોરાત' વાંચતા જ હું ખુશીથી ઊછળી પડેલો... જાણે માઉન્ટ એવરેસેટ સર કર્યા જેટલો આનંદ... 'ગુજરાત દિપોત્સવી' ના સંપાદક પુલક ત્રિવેદીને 'ફેસબુક' કવિતા આપેલી ત્યારે એમને હળવા સ્મિત સાથે સ્વીકારેલી... ત્યારે જ મનમાં શંકા ઘણી કે આ કવિતા છપાશે કે લીલા તોરણે પાછી આવશે... સમાચારની જેમ જ આ કવિતા જાજરમાન ગુજરાત દિપોત્સવીના છેલ્લા પાને જ છપાયેલી હતી...

ગુજરાતનું દિપોત્સવ પર્વ એટલે સૌથી મોટો તહેવાર અને એમ જ 'ગુજરાત દિપોત્સવી' એટલે ગુજરાતનું સંસ્કાર ઘરેણું.... 'ગુજરાત દિપોત્સવી' અંકનું સમગ્ર ગુજરાતની સંસ્કારપ્રિય - સાહિત્યપ્રિય જનતામાં અનોખું અને અદકેરું મહત્ત્વ અને આકર્ષણ છે... ગુજરાતી ભાષાનો આટલો વિશાળ દળદાર અંકમાં પ્રકાશિત કરવો એટલે એક ભગીરથ કાર્ય... અભ્યાસલેખો, નિબંધ, ચિંતનલેખ, હાસ્યલેખ, વાર્તા, લઘુકથા, નાટક અને કવિતા જેવા સાહિત્ય સ્વરૂપો દ્વારા ગુજરાતના ગૌરવ સમાન સાહિત્યકારો અને સર્જકોની કલમનો સાક્ષાત્કાર...

આવો... આવો... અભિનંદન, એમ ઉમળકાભેર 'ગાંધીનગર સમાચાર' તંત્રી કૃષ્ણકાંત જહા સમાચાર છપાયાની સાંજે આવકાર્યો અને અનેરો રોમાંચ થયો... 'તમારી રચના હવે ગુજરાતી વાંચતા દરેક ભાવક સુધી પહોંચશે.' એવી શુભેચ્છા મળી... એ અઠવાડિયામાં સાહિત્ય સર્જકો જે મને ઓળખે છે, એમના શુભેચ્છા ફોન આવવા શરૂ જ હતા... મને માત્ર મારી છપાયેલી કવિતા મળી નહોતી!! પણ મનમાં ઉત્કંઠા હતી મારી કવિતા જોવાની, અને એટલામાં જ નાયબ માહિતી નિયામક અને સર્જક પ્રજ્ઞા પટેલનો અભિનંદનનો ફોન આવ્યો... 'મારે ત્યાં ચા પીવા આવો, તમને તમારી કવિતા વંચાવું...' અને આનંદ આનંદ થઇ ગયો...

શંકર ભગવાનની ૧૬ સોમવારની બાધા રાખી હોય, અને ચમત્કાર થવા શરૂ થઇ જાય એમ જ મારા બાબતમાં બનતું હતું.... અત્યાર સુધી માત્ર પરિચિત લોકોની શુભેચ્છાઓ મળતી હતી, પણ...

એક સોમવારે ફોન ખખડ્યો... સંજય ભાઇ, અમે નવસારી એન્જીનીયરીંગ કૉલેજના મિકેનિકલ બ્રાન્ચના વિદ્યાર્થીઓ તમારી 'ફેસબુક' કવિતાની શુભેચ્છા આપવા માંગીએ છીએ... મારા માટે તો આ સુખદ આંચકો હતો, યંગસ્ટર્સ માટે કાયમ લખું છું, આજે આ યુવાનો મને ફોન કરે... સર, ફોન સ્પિકર પર રાખ્યો છે. એક વિદ્યાર્થીનીએ મારી કવિતાનું પઠન કર્યું, બધાએ તાળીએથી વધાવ્યું, વારાફરતી વારા ૧૭ જણાએ વાત કરી... અરધો કલાક ફોન ચાલ્યો, ફેસબુક ફિવર આટલો ફેવરીટ થશે કલ્પ્યુ પણ નહોતું... એક અવિસ્મરણીય અનુભવ બન્યો...

દિવાળીના પર્વમાં વડોદરા રહેતી મારી બહેન વૈશાળી ખરીદી કરવા નીકળેલી. કોઇકને ગિફ્ટ કરવા પુસ્તક લેવા 'ક્રોસવર્ડ' માં એન્ટ્રી લીધી. બનેવીને અંગ્રેજી સાહિત્યનો શોખ, પણ બહેનનો લગાવ ગુજરાતીનો, ક્રોસવર્ડના શેલ્પમાંથી 'ગુજરાત દિપોત્સવી' ઉપાડ્યો, છેલ્લું પાનું પહેલાં ખોલ્યું... અને એમાં મારું નામ, કવિતા.... બહેન તો ફુલી ના સમાઇ, સાથે ગયેલા, આજુબાજુ ઊભેલાં બધાંને બોલાવીને બતાવવા લાગી, મારા ભાઇની કવિતા છે... ત્યાંથી ફોન કરીને, વધામણી આપી અને મીઠો ઠપકો પણ, અમને ના કહેવાય...? 'ક્રોસવર્ડ' ના માલિકે એને અંક સપ્રેમ ભેટ આપ્યો, અને ભાઇ આવે ત્યારે એમના શોપ પર લાવવાનું આમંત્રણ પણ આપ્યું.... આપણાં પોતીકા જ્યારે આપણી રચનાથી પોરસાય એનો આનંદ અનેરો!

ગાંધીનગર પથિકાશ્રમ એક ફેરિયો છાપા લઇ રોજ સવારે બેચવા બેસે છે. અમારા એક મહેમાનને મુકવા જવાનું બનેલું. ત્યાં પેલા ફેરિયા પાસે 'ગુજરાતી દિપોત્સવી' અંક હતા. એક સાહિત્યપ્રેમી એના પાના ફેવરતા હતા... મેં મારા મહેમાનને કીધું પેલા ભાઇ જે દિવાળી અંક જુવે છે એમાં મારી કવિતા પ્રસિદ્ધ થઇ છે. આ વાત પેલા ભાઇના કાને પડી... એણે મને નમસ્કાર કરી બોલાવ્યો, મારી કવિતા બતાવવા વિનંતી કરી... વાંચીને પછી શુભેચ્છા આપી અને એ કવિતાના પાના પર મારા 'ઓટોગ્રાફ' માંગ્યા... હું તો શૉક થઇ ગયો. 'હું મારા ઓટોગ્રાફ' આપું એ ગજાનો સર્જક જ નથી, મારી તો શરૂઆત છે, કહીને ના પાડી. પણ એણે ઓટોગ્રાફ લઇ જ લીધા... આ પ્રસંગ પણ મારા માટે સુખદ અને આશ્ચર્યજનક બની રહ્યો...

(અનુસંધાન પાના નં. ૬ પર)

હું ચુપચાપ તેના ચહેરા પર વ્યાપેલી પીડાની છાયાને જોતો રહ્યો, મારી આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા, હું વિચારવા લાગ્યો, જો હું તેને મળ્યો હોત તો... આજીવન અવિવાહિત રહીને મેં કયો મોટો ત્યાગ કર્યો છે?

નવાં કલેવર
- અયના કમલેશ

(ગતાંકથી આગળ...)

તે દિવસે ન થવાનું થઇ ગયું. આકાશ એકદમ ઘેરાયેલું હતું. જંગલમાં ફરતાં ફરતાં જ વરસાદ શરૂ થઇ ગયો. આશરો મેળવવા જેવી કોઇ જગા મળતી ન હતી. બંને ભીંજાઇ ગયા. ઘણી શોધખોળ પછી એક મોટા પથ્થરની નીચે શરણ મળ્યું. તે ઠંડીથી ધ્રુજતી હતી. ધ્રુજારી અટકવાનું નામ લેતી ન હતી. મેં તેની હથેળી મસળીને ગરમી પૈદા કરવાની કોશિશ કરી. તેને જરા રાહત થઇ. પણ ફરી ઠંડી હવાની ઝપટો વાગતાં તેને ઠંડી ચડી ગઇ. તેના દાંત કકડવા લાગ્યા. અચાનક વીજળીનો ચમકારો થયો અને તે ભયભીત હરણીની જેમ મને વળગી પડી.

ઠંડીમાં ધ્રુજતા તેનાં યૌવનાંગોનાં માંસલ સ્પર્શથી ચિત્તમાં ચંચળતા પ્રવેશવા લાગી. તે મારા બાહુપાશમાં આવી જાણે કે નિશ્ચંત થઇ ગઇ. બે યુવા હૈયામાં નીકળતાં આવતાં ઉખા આવી. તે દિવસનો અનુભવ મહામૂલો બની રહ્યો.

વરસાદ અટકી ગયો. પણ મનનો આવેગ અટકવાનું નામ લેતો ન હતો. વારંવાર આલિંગનો અને ચુંબનો છતાં હૃદય જાણે વધુ અધિરું બન્યું હતું! એક બીજાની બાહોમાં જકડાઇને બંને આત્મીય પ્રેમજળની તૃપ્તિમાં નિમગ્ન બની ગયાં હતા.

'હવે મારું જે ગણું તે તું જ છે.'

મેં તેને ફરી આલિંગનમાં લીધી અને વિશ્વાસ આપતાં બોલ્યો, 'તું હવે સદા ને માટે મારી જ રહીશ વિમુ.'

•••

ભૂદેવ શું વિચારવા લાગ્યા. તેણે ચપટી વગાડી એટલે હું ફરી યથાર્થ લોકમાં પાછો આવ્યો.

'હું તમારા માટે એક 'સરપ્રાઇઝ' લાવી છું.

મેં તેની તરફ ફરી વિસ્મયથી જોયું, હવે શું બતાવવા માંગે છે, શું તું પણ કોઇ સરપ્રાઇઝ કરતાં કમ છે. પણ હું કંઇ કહી ન શક્યો.

'ત્યાં... છે કારમાં...' તેને બતાવ્યું.

મારી જીજ્ઞાસા વધી ગઇ. એવું તે શું હશે? હું ધ્યાનથી એ તરફ જોવા લાગ્યો.

'એમ ઉતાવળો થા માં'

હું તેને બોલાવું છું.

તેણે ઇશારો કર્યો. એટલે કારનું બારણું ખૂલ્યું. અને એક ભોળી ભોળી લાગતી, ગૌરવર્ણી સુંદર બાળકી બહાર આવી. ડ્રાઇવર હાથ પકડીને તેને દુકાન સુધી લાવ્યો. તે મારી સામે આવીને ઊભી રહી, મેં તેને જોઇ અને જોતો જ રહી ગયો. તેના ભોળપણમાં ખોવાઇ ગયો. મને લાગ્યું કે મારો તેની સાથે કંઇક સંબંધ છે. પણ શું હશે? હું નક્કી કરી ન શક્યો.

અનિર્ણિત ભાવે વિચારોમાં ડૂબતો ફરી બહાર આવતો હું વિચારવા લાગ્યો. ખ્રિસ્તી થઇ ગયા પછી હું તેને મળવા જવા લાગ્યો હતો. અચાનક માતાપિતાનું અકસ્માતમાં મૃત્યુ થતાં હું વિમળાને વચ્ચે મળી ન શક્યો. જ્યારે હાલત સુધરી ત્યારે તેનાં લગ્ન ડેનિયલ સાથે થઇ ગયેલાં. આ કદાચ ડેનિયલની જ બાળકી હશે.

'લો ભૂદેવ... આજે આ તમારી અમાનત તમને સોંપવા જ આવી છું. તેને સાંભળો.'

'વિમુ, શેની અમાનત?'

'આ મારી એ જ દિકરી છે જેને મેં એક વરસાદી વાતાવરણમાં મારી જાતને સંપૂર્ણ સમર્પણ કરીને મેળવી હતી.'

મારું હૃદય ધબકવા લાગ્યું. જરા વાર બેચેન થઇ ગયો. અને વિચારવા લાગ્યો. તો શું આ મારી જ...?

ભૂદેવ... અત્યારે આની નથી કોઇ જાતી કે નથી કોઇ ધર્મ... હાલ તો એ બસ માનવ છે.

'તો ડેનિયલ...' મેં પ્રશ્ન પુછ્યો.

'હું તારા મનની શંકા જાણું છું.'

જ્યારે તું ન આવ્યો અને હું ગર્ભવતી થઇ ગયેલી ત્યારે ફાધર ડેનિયલ સાથે મારા લગ્ન કરાવીને આનું સન્માન સાચવ્યું. હું આજે પણ...! હાં, ડેનિયલ તો બે મહિના પછી આ દુનિયા છોડી ગયેલો.

'ભૂદેવ... તને મને તો ન અપનાવી શક્યા, પણ આને તમારી માનતા હો તો હું તેને તમારી પાસે મુકી જાઉં.'

તમે અને તમારો સમાજ જો આને આત્મીયતા આપી શકે તો મારા બહિષ્કારની તપસ્યાનું ફળ મળ્યું એમ સમજીશ.'

'ભૂદેવ... હું બેવફા નથી. ભારતીય સમાજમાં પુરુષ અવિવાહીત રહીને પણ પોતાની સંપૂર્ણ મર્યાદાનો સ્વાંગ રચી રહી શકે છે. પરંતુ સ્ત્રી વિવાહિતા હોવા છતાં કાયની બંગડીઓને જેમ સાચવીને જીવન જીવે છે. જરા પણ આઘુપાછું થાય તો તેની જીંદગી બરબાદ, તેમાં પણ અવિવાહિત હોય અને તેના શરીરમાં કોઇ પુરુષનો અંશ અંકુરિત થતો હોય તેની વેદના તમને નહીં સમજાય?'

હું ચુપચાપ તેના ચહેરા પર વ્યાપેલી પીડાની છાયાને જોતો રહ્યો. મારી આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. હું વિચારવા લાગ્યો. જો હું તેને મળ્યો હોત તો... આજીવન અવિવાહિત રહીને મેં કયો મોટો ત્યાગ કર્યો છે?

'ભૂદેવ બોલો મારો શું વાંક છે.'

હું શું બોલું. નજર નીચી ઢાળીને ચુપચાપ બેસી રહ્યો.

વિમળા મેં લગ્ન નથી કર્યા. એકલો જ છું. આ બાળકીને તું જ સારી રીતે સાચવીને સંસ્કારી બનાવી શકીશ... હાં તેના પિતા તરીકે મારું નામ લખાવજે.

'ભૂદેવ... કહેતાં તે એકદમ રડી પડી. ખાન સાહેબની આંખો પણ ભીંજાઇ ગઇ. બાળકી ઘડીક તેની માં સામે અને ઘડીકમાં મારી સામે જોતી રહી.'

'બેટાં, અહીં આવ. આમને પગે લાગ.'

મેં તેને બાથમાં લઇ લીધી... અને ચુંબનોની ઝડી વરસાવી દીધી. અશ્રુધારા વહેવા લાગી. સ્વસ્થ થતાં વિમળાએ મને એક કાર્ડ આપ્યું. 'ક્રિસ્ટીન, સંચાલિકા અનાથ આશ્રમ.' અને પછી બાળકીનો હાથ પકડી ચૂપચાપ કારની તરફ ચાલી નીકળી.

પ્રેમ અને લગ્ન અને લગ્ન પછી પ્રેમ

ગુલમહોર
- દિનેશ દેસાઇ

અંગ્રેજી લેખક રસ્કિન બોન્ડે લખ્યું છે કે પ્રેમ જીવનને ર્ધ્વગતિ તરફ લઈ જતું એક અણમોલ રસાયણ છે. આવું રસાયણ આજે દુનિયાની કોઈ પ્રયોગશાળામાં બનાવીને વેચી શકાતું નથી.

જીવનનો માર્ગ પ્રેમ છે અને પ્રેમ એ જ એક માત્ર એવું તત્વ છે કે જે જીવનને માર્ગ બતાવે છે. પ્રેમ જ એક વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે જોડી રાખતું એડહેસિવ છે. પ્રેમ જ એક એવું ગુરુત્વાકર્ષણ બળ છે કે જે સમગ્ર દુનિયાને જોડી રાખે છે, જકડી રાખે છે.

જીવનની સફરમાં પ્રેમનું ખુબ મહત્વ છે. એક યુવાન અને એક યુવતી વચ્ચે પહેલા પ્રેમનું પ્રાગટ્ય થાય અને પછી તે બેઉ લગ્ન કરીને જીવનસફરના સાથી બને અથવા સામાજિક રીતરિવાજ અનુસાર પહેલાં તેમનાં લગ્ન થાય અને પછી એ યુવક-યુવતી વચ્ચે પતિ-પત્ની તરીકે પ્રેમનો આવિર્ભાવ થાય. પ્રેમનો માર્ગ ભલે કોઈ પણ હોય, તેની મંઝિલમાં અને સમગ્ર સફરમાં પ્રેમ જ પ્રેમ પ્રાજ્ઞ થવો જોઈએ એટલી પૂર્વશરત રહેવી જોઈએ. પરંતુ હંમેશા એવું બનતું નથી.

જીવનની સફરમાં પ્રેમનું ખુબ મહત્ત્વ છે, એક યુવાન અને એક યુવતી વચ્ચે પહેલા પ્રેમનું પ્રાગટ્ય થાય અને પછી તે બેઉ લગ્ન કરીને જીવનસફરના સાથી બને અથવા સામાજિક રીતરિવાજ અનુસાર પહેલાં તેમના લગ્ન થાય અને પછી એ યુવક-યુવતી વચ્ચે પતિ-પત્ની તરીકે પ્રેમનો આવિર્ભાવ થાય

આજે આપણે પ્રેમ અને લગ્ન તથા લગ્ન પછી પ્રેમની વાત પણ કરીએ. સુરેન્દ્રનગર-ઝાલાવાડના રાજપૂત-રાજધરાનાની નેહલ પ્રેમલગ્ન કરીને પસ્તાઈ રહી છે. રાજકોટની કોલેજમાં ભણતી વખતે વીસ વર્ષની વયે ગ્રેજયુએટ થતા સુધીમાં જૈન બહેનપણીના ભાઈ સાથે આંખ મળી ગઈ. નેહલને ખબર હતી એમ જ થયું.

મા-બાપે સ્પષ્ટ કહી દીધું કે 'તારા વેવિશાળ તો નાનપણમાં નક્કી થઈ જ ગયા છે, એ વાત તું પણ જાણે છે. રાજપરિવારના નિયમ પ્રમાણે જ રહેવું પડશે.' મા-બાપે એ પણ સમજાવ્યું કે જુદો સમાજ, જુદો પરિવાર અને તેમની જુદી સામાજિક રહેણીકરણી અને ધર્મના રીત-રિવાજો પણ જુદા. બહુ અઘરું પડશે. જો એક વાર ભુલ કરીશ તો જીવનભર પસ્તાવાનો વારો આવશે.

આ તરફ નેહલનું શું થયું, એ પણ સમજવા જેવું છે. નેહલે જૈન યુવાન રાજુ સાથે પ્રેમલગ્ન કર્યા. સ્વાભાવિક બાબત છે કે નેહલે પોતાના મા-બાપ અને સમાજ સામે પ્રેમના વિશ્વાસ સાથે બગાવત જ કરી અને સાહસ પણ કર્યું. મા-બાપે નેહલને બોલાવવાનું બંધ કર્યું અને તમામ સંબંધ ઉપર પૂર્ણવિરામ મૂકાઈ ગયું. લગ્ન પછી નેહલ પતિ રાજુ સાથે ભાડાના એક ઓરડાના ઘરમાં રહેવા ગઈ ત્યારે એને ખબર પડી કે દુનિયા તેણે વિચારી હતી તેનાથી સાવ જુદી જ છે.

નેહલને ખબર પડી કે રાજુ તો અનાથ છે અને તેની બહેનપણીનો માનેલો ધરમનો ભાઈ છે. પરંતુ હવે લગ્ન થઈ ગયા પછી નેહલ તેની બહેનપણીને કશો પણ ઠપકો આપે તો પણ પરિસ્થિતિમાં કોઈ ફરક પડવાનો જ નહોતો. નેહલે પ્રેમલગ્ન પહેલા રાજુ સાથે શરત કરી હતી કે તેને ગ્રેજયુએટ થયા પછી માસ્ટર ડિગ્રી માટે આગળ ભણવું છે. પરંતુ લગ્ન પછી રાજુ પત્નીને ભણાવી શકે એવી તેની આવક જ નહોતી. રાજુના પગારમાં ઘર પણ ચાલતું નહોતું તો પછી સારી રીતે જીવી શકાય અને પોતાના શોખ માટે ખર્ચ કરી શકાય એ વાત નેહલ માટે સ્વપ્ન બની ગઈ.

નેહલે ખાનગી કંપનીમાં નોકરી સ્વીકારી લીધી. પતિપ્રેમને વશ થઈને નેહલ પોતાનો પગાર પતિને આપતી અને પતિ તેનો આખો પગાર જ ડાવી દેતો. એવામાં નેહલે પહેલા સંતાનમાં દીકરીને જન્મ આપ્યો. આજે ભલે બેટી બચાવો, બેટી વધાવો અને બેટી પઢાઓ. એવી વાતો કરીએ કે સાંભળીએ, પરંતુ સમાજની વરવી વાસ્તવિકતા એ છે કે દીકરીના જન્મને એક પ્રાર્થના તરીકે જ જોવામાં આવે છે. નેહલને ત્રાસ-અત્યાચાર આપવામાં રાજુએ કંઈ બાકી ન રાખ્યું. આખરે રાજુના ત્રાસમાંથી બચવા નેહલને પોતાની વહાલસોયી દીકરીને પોતાનાથી દૂર કરવાની ફરજ પડી.

નેહલનાં મા-બાપ તો તેને બોલાવતાં પણ નહોતાં. પરંતુ નેહલની મા પણ તો એક સ્ત્રી રહી. માનું હૈયું વલોપાત કરતું અને નેહલનું દુઃખ સાંભળીને પીગળી જતું. નેહલની માએ પોતાના પતિ (નેહલના પિતા)ને રાજી કર્યા કે નેહલની દીકરીને પોતે ઉછેરશે. જો કે નેહલના પિતા પોતાની દીકરીની દીકરીને રાખવા-ઉછેરવા તો તૈયાર થયા. પરંતુ નેહલ સાથે સંબંધ નહી રાખવાનો નિર્ણય તો અફર જ રહ્યો. બીજી તરફ નેહલે બીજા સંતાન તરીકે દીકરાને જન્મ આપ્યો તો રાજુએ વધાવી લીધો.

આજે લગ્નના તેર વર્ષ પછી પણ નેહલના પિતા નેહલનું મ્હોં જોવા માગતા નથી. જો કે નેહલની ધોરણ-સાતમાં અભ્યાસ કરતી બાર વર્ષની દીકરીને ભણાવી-ગણાવીને લાડકોડથી ઉછેરી રહ્યા છે. નેહલ નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવી રહી છે. ગણિતમાં અને ભણવામાં હોંશિયાર નેહલ પોતાની જિંદગીમાં પ્રેમના દાખલામાં નાપાસ થવા છતા પોતાનો દાખલો અને જીવનનો નિર્ણય સાચો ઠેરવવા દુઃખ વેઠીને પણ ઝઝુમી રહી છે. રાજુ નેહલની દરેક નોકરીના સ્થળ ઉપર પહોંચી જાય અને ઝગડાઓ કર્યા કરે. એથી નેહલને દર છ મહિને નોકરીઓ પણ છોડવી અને બદલવી પડે છે. તેર વર્ષના લગ્નજીવનમાં તેર વખત નેહલે પતિને છોડીને અલગ રહેવા કદમ ઠાવ્યા અને દરેક વખતે રાજુ પ્રેમની દુહાઈ દઈને નેહલને ઝુકાવી દે. નેહલ પણ પોતાના સંતાનને ખાતર સમાધાન કરી લે. આ છે પ્રેમ પછીના લગ્નની એક તસવીર.

લગ્ન પછીના પ્રેમની તસવીર પણ જોઈએ.

પ્રીતિના હરિકૃષ્ણ સાથે સામાજિક રીતરિવાજ પ્રમાણે લગ્ન થયાં. પ્રીતિ સરકારી વિભાગમાં નોકરી કરતી. જ્યારે હરિકૃષ્ણનો નાનકડો બિઝનેસ હતો. પતિ કરતા પત્નીનો પગાર વધારે હોય એટલે અહમનો ટકરાવ અહીથી જ શરુ થાય. પત્નીની ખોડ કાઢવી હોય તો પણ કઈ રીતે કાઢી શકાય. કારણ કે પ્રીતિમાં કોઈ ભુલ કે ખામી કાઢી શકાય એમ જ નહોતું.

લગ્ન પછી પ્રીતિને પતિ તરફથી પ્રેમ મળે એવી દરેક પત્નીની માફક ઈચ્છા હોય એ સ્વાભાવિક છે. લગ્નના પંદર વર્ષ પછી પ્રીતિ આજે હવે સમજવા માંડી છે કે તેને પતિએ પ્રેમના રુપાળા નામ હેઠળ સતત વોચમાં જ રાખી છે અને જાણે પ્રેમના નામે પતિએ માલિકીપણાની જેલમાં જ રાખી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)